હરિઃૐ આશ્રમ

# સ્મરણિકા



M

## હરિ: ૐ આશ્રમ

# સ્મરણિકા

"આવી મળતાં કામો પ્રભુનાં સમજો: જરાયે કચવાટ વિના, તે ખૂબ પ્રેમપૂર્વક કરો. પ્રત્યેક પ્રસંગ, બનાવ આપણા કલ્યાણ અર્થે જ આવી મળે છે અને પ્રત્યેક પ્રવૃત્તિ આપણા પોતાના જ વિકાસાર્થે થવી ઘટે. પ્રત્યેક પ્રસંગ પાછળ પ્રભુનો ગૂઢ, શુભ સંકેત રહેલો છે."

—પૂ. શ્રી મોટા

*when*
*in love*
*with*
*fashion*



*you will love*

SHRI

# AMBICA

*fashion fabrics*

Wide range of colours and designs in **'SANFORIZED'** Cotton & 'Terene'-Cotton Saris, Shirtings, Voiles, Poplins and Dress Materials. **'TEBILIZED'** Cotton suitings for crease resistance & **'TEBILIZED Double Tested'** for crease resistance & minimum ironing.

**AMBICA GROUP**

- **SHRI AMBICA MILLS LTD., Ahmedabad.**
- **SHRI ARBUDA MILLS LTD., Ahmedabad.**
- **SHRI AMBICA TUBES, Ahmedabad.**
- **SHRI AMBICA MACHINERY MANUFACTURERS, Ahmedabad.**

નં. ૨૯૪/E




# ગુજરાતમાં પધારો ઉદ્યોગપતિશ્રી!

આપના નવા ઉદ્યોગ માટે ગુજરાત સર્વ વાતે શુભ નીવડશે. ગુજરાતમાં ઉદ્યોગની સફળતા માટેની તમામ સગવડો છે, વાતાવરણ છે. આપની યોજના અહીં ચોક્કસ સફળ થશે. અહીં કાચોમાલ પુષ્કળ પ્રમાણમાં છે, નાણાંની ઉત્તમ સગવડ છે, સારી રીતે આયોજિત ઈન્ડસ્ટ્રીઅલ એરીઆ/એસ્ટેટ છે, બધું જ છે. અને અહીં આપની તમામ સહાય કરવા તત્પર [illegible] પણ છે–જી. આઈ. આઈ. સી. અને જી. આઈ. ડી. સી.

જી. આઈ. ડી. સી. આપને જગ્યા અપાવશે.
જી. આઈ. આઈ. સી. આપને નાણાં અપાવશે.


સંપર્ક સાધો: ધી ચીફ પબ્લિક રિલેશન્સ ઑફિસર
ગુજરાત ઈન્ડસ્ટ્રીઅલ ઈન્વેસ્ટમેન્ટ કૉર્પોરેશન લિ.
ગુજરાત ઇન્ડસ્ટ્રીઅલ ડેવલપમેન્ટ કૉર્પોરેશન
નટરાજ બિલ્ડિંગ, આશ્રમ રોડ,
અમદાવાદ–૯. ફોન : ૫૪૯૬૮


NAVNIT-GIDC-2




અનેક ધાતુકીય અને રાસાયણિક ઉદ્યોગો માટે જરૂરી આ કીમતી ખનિજ અત્યાર સુધી આયાત થતું હતું—હવે ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિ. નું આંબાડુંગર ખાતેનું ફ્લોરસ્પાર શુદ્ધિકરણ કારખાનું દેશના ઉદ્યોગોને પૂરતું ફ્લોરસ્પાર પૂરું પાડી, કરોડો રૂપિયાનું વિદેશી હૂંડિયામણ બચાવશે. એશિયામાં આ પ્રકારનું, આ સર્વપ્રથમ કારખાનું છે.

NAVNIT-6

GMDC

**ગુજરાત મિનરલ**
**ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ**

પાંચમે માળે, નટરાજ થિયેટર બીલ્ડીંગ,
આશ્રમરોડ, અમદાવાદ-૯.
ગ્રામ : "મીનકોર્પ" ફોન : ૫૪૭૭૩-૭૪.



# કર્મયોગી મુક્તાત્મા શ્રી મોટા

રાજકારણના ઘોંઘાટ અને ગીરદીમાં આપણે સામાજિક અને ધાર્મિક ક્રાંતિ કરી રહેલાઓને ભૂલી જઈએ છીએ. અને આવા સંતોની સંખ્યા એટલી બધી ઓછી છે કે એમને શોધવા જવું પડે. દેશ, ખાસ કરીને ગુજરાત, ગૌરવ લઈ શકે એવા એક સાધુ પુરુષ શ્રી મોટા છે. એમનાં વચનામૃતો વાચકોએ સાંભળ્યાં કે વાંચ્યાં હશે, પરંતુ તેઓ ઉપદેશક–ધર્મગુરુ–નથી. તેઓ કોઈ પંથ કે સંપ્રદાય

**સ્થાપવા માગતા નથી. તેઓ કર્મયોગી છે અને પ્રજાના આચારવિચાર, સ્વાસ્થ્ય અને જ્ઞાન ઊંચે લાવવા મથી રહ્યા છે.** નડિયાદ અને સુરતના તેમના હરિ: ૐ આશ્રમો કોઈ દેવ-મંદિર નથી, સાધુ–સંન્યાસીના અખાડા નથી. **પ્રજાના ગુણ અને ભાવનાનો વિકાસ થાય, પ્રજાનું ચારિત્ર્ય ઘડાય તે માટે શ્રી મોટા પુરુષાર્થ કરે છે.**

શ્રી મોટાનું જીવન આપણને વિચાર કરતા કરી મૂકે તેવું છે. તેઓ પારસમણિ છે. પરંતુ જો તેમના સંગનો રંગ ન લાગે તો તેમાં દોષ પારસમણિનો નથી. કિશોરવયે તેમના આત્માએ સામાજિક અન્યાયો પ્રત્યે બળવો પોકાર્યો હતો. ગરીબ, અજ્ઞાન, અશિક્ષિત અને દલિત લોકો પ્રત્યે સમાજ અને રાજ્ય જે અન્યાય આચરી રહ્યા હતા તે તેમને અસહ્ય લાગ્યા. યુવાનવયે તેઓ એક બાજુ શિક્ષણ મેળવવા, બીજી બાજુ સ્વાશ્રયી રહેવા અને ત્રીજી બાજુ પીડિતોની સેવા કરવાના ત્રિવિધ પ્રયત્નો કરી રહ્યા હતા ત્યારે માનસિક ઉપાધિઓએ તેમને હિસ્ટિરિયા જેવા રોગથી ઘેરી લીધા. થનગનતા યુવાનને સ્ત્રીરોગ જેવો રોગ લાગુ પડ્યો એ ભાનથી ખૂબ શરમ અને ગ્લાનિ અનુભવતા આ ચૂનીલાલ આશારામ ભક્તે જીવન-સંગ્રામમાં પરાજય સ્વીકારીને જીવનનો અંત આણવા નર્મદા નદીમાં પડતું મૂક્યું. પરંતુ નર્મદામૈયાએ જાણે આ ભીરુતા માટે ઠપકો આપીને કાંઠે ચડાવી દીધા. ચૂનીલાલે કાંઠે જઈ એક સાધુ પાસેથી આ રોગ માટે ઔષધ માંગ્યું ત્યારે સાધુએ "હરિ: ૐ"નો મંત્ર આપ્યો.

મંત્રમાં જાદુ નથી; એ તો પુરુષાર્થ માટેનું શ્રદ્ધેય સાધન છે. મંત્ર વડે મનોબળ કેળવીને ચૂનીલાલે મન ઉપર વિજય મેળવ્યો ત્યારે નબળા મનમાં જ વસી શકતો ભૂત જેવો હિસ્ટિરિયાનો રોગ ભાગી ગયો.

શ્રી મોટાને આમ નવી દૃષ્ટિ મળી. હતાશાને વશ થઈ જ્યારે તેઓ મૃત્યુનું શરણ શોધવા ગયા ત્યારે તેમને સંઘર્યા નહિ. બીજી વાર મૃત્યુ જાણે તેમની પરીક્ષા કરવા માગતું હોય તેમ સાપરૂપે તેમને દંશ્યુ! ઝેરથી બેશુદ્ધિમાં ગરક રહેલા શ્રી મોટા હરિ: ૐના જાપથી મનોબળ વડે જાગૃત રહી મોતને પડકારતા રહ્યા. તેમને યોગ્ય સારવાર મળતાં કલાકો નીકળી ગયા.

આપણા દેશમાં ધર્મગુરુઓ, સાધુ–બાવાઓ, દેવમંદિરો અને તીર્થસ્થાનો માટે જોઈએ તેટલાં નાણાં મળી રહે છે. શ્રી મોટાની પ્રવૃત્તિ સમાજકલ્યાણની છે અને તેઓ સાધુ હોવા છતાં નથી ભગવા વસ્ત્રો પહેરતા, નથી ધર્મગુરુ હોવાનું સ્વીકારતા. આથી નાણાં એકઠાં કરવાં તેમને માટે ઘણું મુશ્કેલ કામ છે. તેમ છતાં પ્રજાના સ્વાસ્થ્ય અને ચારિત્ર્ય ઘડતર માટે અને જ્ઞાન પ્રચાર માટે તેમણે લાખો રૂપિયા એકઠા કરીને આપ્યા છે.

કરોડરજ્જુના મણકાના રોગને લીધે શ્રી મોટાને મોટા ભાગે પથારીવશ રહેવું પડે છે. છતાં તેમની મુંબઈની એક મુલાકાત દરમિયાન તેમને પૂછવામાં આવ્યુ "શરીરને થતી વ્યથા વિશે સભાન નથી રહેતા?"

પરંતુ વ્યથા પોતાનું કામ કરે છે, શ્રી મોટા પોતાનું! તેઓ કહે છે કે, 'મેં જીવનમાં અભય સિદ્ધ કરેલ છે.'

ધન અને હોદ્દા માટે જ્યારે પડાપડી થઈ રહી છે ત્યારે પ્રજાના જીવનનાં મૂલ્યોનો ઉદ્ધાર કરવા આજીવન ભેખ લે, ધર્મને સાચા અર્થમાં સમજાવે એવા સંતો આપણા દેશમાં કેટલા છે તેવો પ્રશ્ન સહેજે થાય. અગાઉ જણાવ્યું તે પ્રમાણે પૂ. શ્રી મોટા આવા કર્મયોગી સાધુ પુરુષ છે.

ભક્તવૃંદમાં 'મોટા'ના હુલામણા નામે જાણીતા ચૂનીલાલ આશારામ ભક્તનો જન્મ વડોદરા જિલ્લાના સાવલી ગામે ૭૧ વર્ષ પર (૪–૯–૧૮૯૮, ભાદ્ર વદ ૪ ને રોજ) થયો હતો. પિતા ભાવસાર જ્ઞાતિના ભજનાનંદી હતા; સાથોસાથ હુક્કા અને અફીણના પણ ગરાડી હતા. તેમની સાથે મોજ માણવાને પોલીસલોક પણ આવે. એક દિન તેમને ત્યાં એક મહેમાન આવેલા. તેને જોઇને રાતના જમાદારે પૂછ્યું,

'કૂણ સૂતું છે?' 'મહેમાન.' 'થાણે કેમ ખબર નથી આપી?' 'કાળીધારાળા કે જેની છાપ ચોરની હોય તેને ખબર દેવાની હોય.' થઇ રહ્યું રોજ સાથે બેસીને હૂકકાપાણી કરનારો જમાદાર તેની પ્રકૃતિ ઉપર આવી ગયો. પિતાને ધોલથાપ મારી, ગાળો આપી થાણે લઇ થયો. કિશોર ચૂનીલાલના હૃદયપટ પર આ અપમાન, ગરીબીને કારણે એવું કોતરાઇ ગયું કે તેમણે દઢ નિશ્ચય કર્યો: 'જીવનમાં એવા બનવું કે જે તે કોઇ નમતા આવે.' મામલતદારને કાલોલ તાલુકામાં સહુ નમતા એટલે તેમણે મામલતદાર બનવાનો નિશ્ચય કર્યો.

પણ અભ્યાસ કેમ કરવો ? પિતા નાની વયમાં સ્વર્ગવાસી બન્યા. સાત જણનું કુટુંબ ભારે ગરીબીમાં ધકેલાઇ ગયું. કિશોરે કરડી મજૂરી કરવા માંડી. મહિને દોઢ રૂપિયાના પગારથી નિશાળના પટાવાળાનું કામ કર્યું. મુખ્ય શિક્ષકનાં છોકરાં રમાડી તેમનું દિલ જીતી લીધું. નિયમ મુજબ અશકય ગણાય તેવું, દોઢ વર્ષમાં ચાર અંગ્રેજી ધોરણની પરીક્ષા પાસ કરવાનું કામ પતાવી દીધું.

મેટ્રિકની પરીક્ષા પેટલાદ ભણીને ઉચ્ચ ક્રમે પાસ કરી તેઓ વડોદરા કૉલેજમાં જોડાયા. પણ પૈસા કયાં હતા ? મિત્રો, મુરબ્બીઓ ચૂનીલાલના સેવાભાવને લીધે મદદ કરે. એમ હોસ્ટેલમાં રહેવાનું મળ્યું. મિત્રવિદ્યાર્થીઓને ચા–પાણી કરી આપે, કપ–રકાબીઓ ધોઈ નાખે. રસોડે ખાવું પોષાય નહિ. એટલે વૈષ્ણવોની હવેલીની એક પતરાળી દિવસમાં એકવાર, દોઢ આનામાં આરોગવાની રાખેલી એટલી તંગી. આમ છ માસ સુધી ચાલ્યું. તેમની આધ્યાત્મિક માએ તે બાદ તેમને સંભાળી લીધા.

એમ કરતા કરતા તેઓ જુનીઅર બી. એ. સુધી પહોંચ્યા. ત્યારે ગાંધીજીએ કૉલેજ છોડવાની હાકલ કરી. દેશદાઝની ધૂનવાળા એટલે તેમણે કૉલેજ છોડી દીધી–બધામાં પહેલા, ને ગુજરાત વિદ્યાપીઠમાં જોડાયા. મિત્રો, મદદ કરનારા વડીલો વગેરે ગુસ્સે થયા. પણ તે તો અડગ રહ્યા. સને ૧૯૨૧નો સમય; પણ ત્યાં રહેવા માટે ય પૈસા જોઇએ. એટલે અઠવાડિક 'નવજીવન' વેચવાનું શરૂ કર્યું. જેટલાં વેચાય એટલા પૈસા મળે ને તેટલા પૈસા પર સાત દિન ચલાવવાનું. ઘણા દિવસ તો તેથી એકટાણું થાય. એમ કરતા કરતા માસિક રૂા. ૩૫ નું ટયુશન મળી ગયું! 'ખંતીલા ને મથતા ને મચેલાને પ્રભુની કૃપા મળી રહેતી હોય છે' (મોટા). એમના જીવનનું એક પાસું જવલંત લડતનું ચિત્ર બતાવે છે; બીજું પાસું પ્રભુકૃપા–સ્થૂળ ને સૂક્ષ્મ–અણીની વખતે દરેક પ્રસંગે વરસતી જોવામાં આવે છે. પણ ગાંધીજી કહે, 'ડીગ્રી'નો મોહ હતો તો કૉલેજ કેમ છોડી ? એટલે ચૂનીલાલે સ્નાતક થવાને થોડા જ માસ બાકી હતા ત્યારે વિદ્યાપીઠનો ત્યાગ કરી નડિયાદ ખાતે હરિજન આશ્રમે સેવા કરવા જોડાયા. ૧૯૨૨ થી ૧૯૩૯ સુધી ગુજરાત હરિજન સંઘ દ્વારા નડિયાદ, બોદાલ, નવસારી, સાબરમતી વગેરે સ્થળે જવાબદારીનાં કામ કર્યાં ને નાનામાં નાનું કામ કર્યું. સ્વ. શ્રી પરીક્ષિતલાલ મઝમુદાર અને પૂ. ઠકકરબાપાના તે પ્રિયપાત્ર હતા. પૂજ્ય મોટાએ 'કર્મગાથા'ની "નમ્ર અંજલિ" પૂજ્ય શ્રી ઠકકર બાપાને પાદપદ્મે ધરી, ત્યારે પૂજ્ય બાપાએ લખ્યું :–

"૧૯૩૨ પછીના સમયમાં એમની આધ્યાત્મિક પ્રગતિ દહાડે દહાડે વિશેષ થતી ગઇ અને તે દિશાનાં લખાણો લખતા થયા....દક્ષિણમાં, ખાસ કરીને તામિલ દેશમાં, જ્યારે હું પ્રવાસે જતો, ત્યારે તેમનો ભેટો થઇ જતો અને તેમની પાસેથી આધ્યાત્મિક વાર્તા સાંભળતો....શરૂઆતથી જ તેમની આધ્યાત્મિક પ્રવૃત્તિની વાર્તા સાંભળેલી તે મને બહુ યાદ છે. સ્મશાનમાં અનેક રાત્રિઓ તેઓ વિતાવતા અને પ્રભુસ્મરણ કરતા....તેઓ ખાસ પ્રેરણા વિના કવિતા લખતા નથી. તેઓ પોતે કર્મયોગી છે... તેમનું જીવન દિવસે ઉન્નત બનતું જાય છે, તે જોઇને મને ઘણો આનંદ થાય છે. તેમની તબિયત બગડેલી હોવા છતાં તેમના આ આધ્યાત્મિક અભ્યાસને લઇને જ શરીર તથા આત્માને લાંબો વખત ટકાવી શકયા છે, ભાઇ કિશોરલાલ મશરૂવાળાની માફક જ."

વિધવા મા સાત જણના નિર્વાહ અર્થે દળણાં દળે એટલી ગરીબાઇ હતી. ચૂનીલાલને રૂ. ૫૦નો પગાર મહિને મળતો, એમાંથી અઢી રૂ. પ્રો. ફંડમાં કપાઇ જતા છતાં દેશસેવાનું વ્રત લીધું. વિકટ કૌટુંબિક, સામાજિક ને આર્થિક સંજોગો ને ઇતર તાણને લીધે તેમને હિસ્ટિરિયાનો રોગ લાગુ પડયો. ક્રમે કરીને તે ન મટતાં નર્મદા નદીમાં જીવનનો અંત આણવા સારુ ભૂસ્કો માર્યો ત્યારે નર્મદા મૈયાએ તેમને દિવ્ય દર્શન દઇને પાવન કર્યા. પગને પાણી અડતાં જ નીચેથી એવો વંટોળ પ્રગટયો કે તેના જોશથી તેઓ ભેખડ પર ફંગોળાઇ ગયા ને જીવતા રહ્યા ! By His grace I am meant for somethingએવો પ્રકાશ તેમને લાધ્યો ને નર્મદા મૈયા વિષેનું સ્તુતિકાવ્ય 'નર્મદાપદે' તેમનાથી રચાઇ ગયું. જીવનમાં આ પહેલી વાર પ્રાર્થનાભાવ પ્રકટયો –સને ૧૯૨૨.

આ પછી તેમની દૃષ્ટિ અગોચર તરફ વળી. ને તે બાજુ ગુપ્તપણે મક્કમ પગલાં ભરવા માંડયાં– ૧૯૨૩થી. દેશ સેવાની ધૂન પરમપદને પહોંચવાના સાધનમાં પલટાઈ ગઇ. અભય, તિતિક્ષા, ધૈર્ય, હિંમત, સાહસ, સમતા, શાંતિ વગેરે ગુણો પ્રતિકૂળ સંજોગોમાં કેળવવા માટે તેમણે સ્મશાનમાં વાસ કરવા માંડયો. સાધનામાં દીક્ષા દેનાર ગુરુ પણ તેમને શોધતા આવ્યા લાઠીમાર, જેલવાસ ( ૧૯૩૦–૩૨ દરમિયાન બે વર્ષ)ને સર્વ પ્રકારના અન્યાયો તેઓ હસતા મોંઢે સ્વીકારતા. વર્ષે એક માસ સંઘમાંથી રજા લઇને બિહામણી જગ્યાએ, જંગલમાં, નર્મદાજીના ધૂવાધાર ધોધ આગળની ભયંકર ગુફામાં કે ગીરનારની રાની પશુઓવાળી જગ્યાએ જઇને સાધના કરતા. તેઓએ સંસારમાં રહીને સંન્યાસ કેળવ્યો હતો. આમ અનેક પ્રકારના દેવાસુર સંગ્રામ લડતાં લડતાં સાધનાના અનેક તબક્કાઓ વટાવતાં વટાવતાં બનારસમાં લગભગ અઢાર વર્ષે પરમપદ પામ્યા (૧૯૩૯). તેમની સાધનાનું મૌલિકત્વ એ છે કે, તેમણે ભગવાં ધારણ કરી હિમાલયની ગુફામાં બેસી જઇને સાધના નહોતી કરી. મળેલું કર્તવ્ય તેમણે છોડયું નહિ. તેવો જ યોગ તેઓ આ જ સુધી આચરી રહ્યા છે.

ભક્તિ કોને કહેવી? તેમનો જવાબ આ છે :

(અનુષ્ટુપ)

ભક્તિ ઉત્સાહ, ઉમંગ, ઉલ્લાસ, ખંત, ઉદ્યમ–
પ્રેરાવે કર્મ, ભક્તિનો ક્રમ એવો સનાતન ॥

સતત ગંગાધાગવત્ નામસ્મરણ, પ્રકૃતિનું પરિવર્તન અને અનાસક્ત ભાવે શ્રી પ્રભુ પ્રાત્યર્થ કર્મ કરવું એ તેમનો ઉપદેશ છે. તેઓશ્રી મુક્તાત્મા છે, અવધૂતી જીવનનો છંદ સહજ લાગેલો છે છતાં કર્મયોગી છે. "કર્મમાત્ર ભાવના કેળવવા, પ્રદીપ્ત કરવા ને ઉત્તેજિત થવા તથા શ્રીપ્રભુચરણકમળે સમર્પિત થવાને, સાધનાનો વિકાસ થવા કાજે છે. કર્મમાં કર્મનુ મહત્ત્વ નથી; પરંતુ કર્મ કરતાં કરતાં, તે પ્રત્યે પ્રત્યક્ષ જીવતોજાગતો ક્રિયાશીલ ચેતનાત્મક ભાવ કેવો ને કેટલો એકધારો રહે છે તે જ ખરેખરુ મહત્ત્વનો ભાગ જીવનવિકાસના પથમાં અગત્યનો છે." (મોટા)

ગુરુઆજ્ઞાને શિરે ચડાવી કરાંચી શહેરના છ–સાત માઇલ લાંબા વિસ્તારમાં તદ્દન નગ્નાવસ્થામાં ફરવું, પંદરમી ઑગસ્ટને રોજ ખાદીની ટોપી ને માત્ર લંગોટ પહેરી ભરબજારે ચાલવું, મહિનાઓ સુધી એક બહેને ભેટ આપેલી સોનાની બંગડીઓ હાથે પહેરી રાખવી, ૧૯૪૮માં લાખેક રૂપિયાની બક્ષીસને પાછી વાળવી; એ અને એવા બીજા અનેક બનાવો તેમની સવિશેષતાઓની સાક્ષી પૂરે છે.

૧૯૩૯થી એમનું ઉત્તરાર્ધ જીવન શરૂ થયું એમ કહીએ તો ચાલે. શિષ્યોને સાધનાપંથના પત્રો પ્રશ્નોના ઉત્તરમાં લખવા શરૂ કર્યા. એવા હજારો ગદ્યપદ્ય પત્રો ભજનો-લખાયાં છે; જે ગૂજરાતમાં પ્રથમ વાર જ છપાયાં હશે. ગૂજરાતના જાણીતા સંસ્કૃતના પ્રખર વિદ્વાન પ્રાધ્યાપક શ્રી રા. આઠવલે તે પત્રો સંબંધમાં એક સ્થળે જણાવે છે કે, "આ પત્રલેખનમાંનું વાતાવરણ અત્યંત જીવંત અને નાટ્ય–છટા–પૂર્ણ છે. તેમાં કૃત્રિમતાનો અંશ લેશ પણ નથી...વિદ્વત્તાનો આડમ્બર મુદ્દલે નથી, કારણ કે તે પંડિતની વાણી નથી. પણ એક સાક્ષાત્કારી ભક્તની અનુભવની વાણી છે...આ પત્રો વાંચતી વખતે...મને વારંવાર "Letters of Sri Aurobindo" યાદ આવતા

હતા...તેમના પત્રોનું પ્રસ્તુત સંત પુરુષના પત્રોની સાથે આશ્ચર્યકારક સામ્ય છે...પણ હકીકત એ છે કે શ્રી અરવિન્દનો પત્રસંગ્રહ પ્રસિદ્ધ થતાં પહેલાં ઓછામાં ઓછાં ૭ વર્ષો પહેલાં પ્રસ્તુત સંગ્રહમાંના પત્રો લખેલા છે. તેથી...'સાક્ષાત્કારી પુરુષોના વિચારો અને હૃદયના ભાવો સ્વતંત્ર હોવા છતાં તદ્દન મળતા હોય છે' એ નિર્ણય પર આવ્યા વિના છૂટકો નથી." પ્રો. આથવલે સાહેબને શ્રી અરવિન્દનો ઘણો સારો એવો અભ્યાસ છે.

ત્યારબાદ ગુરુજીના આદેશને અનુસરીને તેમણે મૌલિક એવાં 'મૌન એકાંત મંદિરો' માટે 'હરિઃ ૐ આશ્રમ'ની સ્થાપનાને પ્રેરાવી. ઓછામાં ઓછા સાત દિન માટે આ બંધ અંધારા એકાંત ઓરડામાં બેસતાં નરનારીઓના જીવન પર એવા સાત્ત્વિક સંસ્કારો પડે છે કે જાણે વજ્રલેપ. તેમની–શ્રીમોટાની–યોગ-શક્તિનું દર્શન કરવું હોય તો "મૌન એકાંતમંદિર"માં પ્રવેશો. આ 'મૌન એકાંતમંદિર' આજના જમાનાનું એક મૌલિક સર્જન–કર્મ છે, એમ કહીએ તો અતિશયોક્તિ નહિ ગણાય.

એમની બીજી પ્રવૃત્તિ તે 'હોહા' કર્યા વિના એકલા હાથે યુવાન નરનારીઓના પાયાની કેળવણી છે. યુવાનોમાં જીવનને જરૂરી એવા ગુણ અને ભાવના પ્રગટે તો જ દેશ તેજસ્વી ને સ્વચ્છ બને ને ત્યારે સાચો ધર્મ પેદા થાય એમ તેઓશ્રી વારંવાર કહેતા હોય છે. ઊછરતી પ્રજા પ્રરાક્રમી, શૌર્યવાન, પરોપકારની ભાવનાવાળી, હિંમતવાન, દેશાભિમાની, સદાચારી, સહિષ્ણુ, ધૈર્યવાન, તિતિક્ષાયુક્ત સહુ પ્રથમ બનવી જોઈએ એમ તેઓ કહે છે. પછી આવે ભક્તિ ને જ્ઞાન. એટલા વાસ્તે તેમણે સાતેક વર્ષથી નવી નવી યોજનાઓને પ્રેરણા આપી છે. નડિયાદ અને સૂરતમાં તરણકુંડ, નદીઓમાં તરણ સ્પર્ધા અને હોડી ચલાવવાની હરિફાઈઓ, અદ્ભુત પરાક્રમી અને પ્રમાણિક સ્ત્રી–પુરુષોને ઇનામો (ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ દ્વારા): બહેનોના સર્વાંગી વિકાસ માટે 'મહાજન શક્તિદળ'ની સ્થાપના, મૌલિક આધ્યાત્મિક સાહિત્ય સર્જન માટે ગુ. સા. પરિષદને અર્ધા લાખ રૂપિયા ઉપરાંતનો ફાળો, 'સંદર્ભ જ્ઞાનકોષ' માટે વલ્લભ વિદ્યાપીઠને એક લાખનો ફાળો, હરિજનો અને આદિવાસીઓમાં કેળવણીપ્રસાર માટે ઉત્તેજન, પાણીની પરબો, વગેરે વગેરે અનેક પ્રવૃત્તિઓ આદરી છે. અને છેલ્લે ગુજરાતમાં ૧૭ માઈલનો દરિયાકાંઠો દર વર્ષે અખિલ હિન્દ ધોરણે તરવાની સ્પર્ધા યોજવા ગુજરાત સરકારની સમક્ષ તેમણે યોજના રજૂ કરી છે.

અત્યારસુધીમાં તેમણે લાખો રૂપિયાની રકમ જુદી જુદી પ્રવૃત્તિઓ માટે આપી છે. આ પૈસા આવે છે ક્યાંથી? તેમના મધ્યમ વર્ગના ભક્તો દ્વારા-પોતાના શરીરની બિસ્માર હાલત છતાં વ્યક્તિગત મળીને, ઉત્તર–દક્ષિણમાં ફરી ફરીને ફાળો ભેગો કરીને.

તેઓશ્રીની ખૂબી એવી છે કે, તેઓ યોજના રજૂ કરી તેને એક ધક્કો મારી બાજુએ ખસી જાય છે. એટલે યોજનાના પ્રેરકને કોઈ પિછાણતું હોતું નથી. પણ તપસ્વીનું તપ ગુપ્ત હોય છે પરિણામ વ્યાપક. આ છે ગુજરાતના અજ્ઞાત કર્મયોગી મુક્તાત્મા શ્રી મોટા!

[શ્રી વિજયગુપ્ત મૌર્ય અને શ્રી રતિલાલ મહેતાના અનુક્રમે 'શ્રી મોટા' અને 'મુક્તાત્મા મોટા' નામના લેખોમાંથી]

"......એમણે સતત એકધારા કર્મમાં જીવન ગાળ્યું છે. એ આમ તો ભલા ભલા જ દેખાય છે. એમણે ફિલસૂફીનાં કે એવાં પુસ્તકો વાંચ્યાં નથી પણ કામ કરતાં કરતાં પ્રભુ-પરાયણ રહેવાનું ભક્તિભાવભર્યું ધ્યાન રાખેલું હોવાથી જ્ઞાન તેમનામાં ઊગી નીકળેલું છે. એ કર્મ એવી રીતે કરતા આવ્યા છે કે કોઈને જણાવા ન દે કે કામ ખૂબ કરે છે, પણ ભમરડો જેમ ખૂબ જોરથી ફરે ત્યારે સ્થિર દેખાય છે તેવું એમને વિષે છે."

—પૂ. શ્રી રવિશંકર મહારાજ

Insist on :

**ASOKA FABRICS :**

Bleached Long Cloths, Dhoties, Coloured Striped Dyed Sanforized Poplins, Printed Poplins & Printed Shirtings, Lawns, Two x Two Merc. Sanf. Wash & Wear Coatings

Terene/Cotton Poplins & Suitings

*

THE ASOKA MILLS LTD.

P. O. Box No. 1050, Naroda Road,

AHMEDABAD—2.

## આધ્યાત્મિક પંથના પથિકને પાથેય પુરું પાડતાં

# મૌન મંદિરો

વિષ્ણુકુમાર દવે

નડિયાદ નજીક શેઢી નદીને દક્ષિણ તટે સુરમ્ય અને શાંત વાતાવરણમાં આવેલા હરિ: ૐ આશ્રમમાં પ્રવેશતાં ઘેઘૂર વડલા હેઠળ ઝૂલા ઉપર નજર પડતાં જ પૂ. શ્રી મોટાનું ચિત્ર સ્મૃતિપટ પર અંકાઈ ગયું. આશ્રમમાં હોય ત્યારે જ્ઞાનગોષ્ટી કરતા તેઓ ત્યાં નજરે પડે. આજે તેઓ ત્યાં નહિ હોવાથી તેમના દર્શનનો લાભ ના મળ્યો પણ માનસપટ પરની તેમની છબી ઘણી સૂચક બની ગઈ. વડવાઈઓનો પથારો પાથરેલા એ વડલા હેઠળ બીરાજતા પૂ. શ્રી મોટા પણ એક વટવૃક્ષ સમા બની ગયા છે. એ વટવૃક્ષમાંથી માનવીના આધ્યાત્મિક અને નીજી વિકાસ માટેની કેટલીએ વડવાઇઓ કેટલી વિસ્તૃતપણે ફેલાઇ છે અને હજુ પણ ફેલાઇ રહી છે તેનો જ્યારે વિચાર કરીએ છીએ ત્યારે એ પ્રખર કર્મયોગી સંત પુરુષ આપણા સમાજને જે અમૂલ્ય દેણ કરી રહ્યા છે તેનો ખ્યાલ આવે છે.

'કર્મમાં ઇશ વ્યક્ત છે' એવું દૃઢપણે ઉદ્બોધન કરતા પૂ. શ્રી મોટાએ અનેક પ્રવૃત્તિઓ દ્વારા માનવીને સાચા માનવ તરીકે વિકસવાનો રાહ બતાવ્યો છે એટલું જ નહિ પણ તે માટે જરૂરી પ્રબંધ પણ કરી આપ્યો છે. પાણીની પરબથી માંડીને જ્ઞાન ગંગોત્રી જેવાં જ્ઞાનસભર પ્રકાશનો તથા સાહસ, હિંમત અને નિર્ભિકતાના ગુણોના વિકાસ અર્થે તરણ સ્પર્ધા, નૌકા હરિફાઈ વગેરે જેવી અનેક પ્રવૃત્તિઓ માટે અત્યાર સુધીમાં તેમણે આપેલી કુલ રૂ ૨૪,૩૭,૪૦૬ ની દાનની રકમની વિગતો જોઇએ તો આ સમાજોપયોગી પ્રવૃત્તિઓનો વ્યાપ કેટલો છે તે સમજાય; પરંતુ આ ઉપરાંત તેમણે મૌન મંદિરોનું જે આયોજન કર્યું છે તે તેમની પ્રવૃત્તિઓમાં અનોખું અને વિશિષ્ટ સ્થાન ધરાવે છે. માનવીને આતમખોજ અને જીવન સાધના માટેની વ્યવસ્થા પૂરી પાડતાં આ મંદિરો સાત્વિક ઉપાસનાનાં તીર્થધામો બની ગયાં છે. દક્ષિણ હિંદમાં કુંભકોણમ્ અને ગુજરાતમાં નડિયાદ અને સુરત એમ ત્રણ સ્થળોએ હરિ: ૐ આશ્રમોમાં મૌન–ઉપાસનાની સગવડો આશ્રમ તરફથી કરવામાં આવેલી છે, જ્યારે અમદાવાદમાં નરોડામાં આશ્રમની દેખરેખ નીચે આ વ્યવસ્થા ચાલી રહી છે. ફિરોજપુરમાં પણ છેલ્લાં ચાર વર્ષથી એક ખંડમાં આવી વ્યવસ્થા એક ઉપાસક ભાઇએ કરી છે અને તેના ઉપર આશ્રમ દેખરેખ રાખે છે.

પોતાની જાતને બહારના બધા જ સંપર્કમાંથી અળગી કરી નામસ્મરણ દ્વારા પરમાત્મા સાથે એકતાર સાધવાનો નમ્ર પ્રયાસ કરવાની આ એક સુવિધા છે. આ સુવિધા નડિયાદમાં ૧૯૫૫થી, કુંભકોણમ્માં ૧૯૫૧થી, સુરતમાં ૧૯૫૭થી અને નરોડામાં છેલ્લા પાંચ વર્ષથી ઉપલબ્ધ છે. નડિયાદ અને સુરતના આશ્રમમાં આ માટે પાંચ પાંચ, કુંભકોણમ્માં એક ખંડ અને નરોડામાં બે ખંડ રાખવામાં આવ્યાં છે.

આ બધા જ મૌન મંદિરોમાં ઉપાસનાની ઇચ્છા ધરાવનાર વ્યકિતઓની માંગ એટલી મોટી છે કે દરેકને માટે તે માગે ત્યારે વ્યવસ્થા કરવાનું શકય બનતું નથી. નડિયાદ આશ્રમમાં છએક માસની

વ્યવસ્થા અગાઉથી નક્કી થઈ ગઇ હોય છે અને અન્ય વ્યકિતઓને પોતાના વારા માટે સામાન્યતઃ રાહ જોવી પડતી હોય છે.

હરિ ૐ આશ્રમના આ મૌન મંદિરમાં આજ સુધીમાં ૪,૫૮૦ જેટલી વ્યકિતઓએ મૌન-ઉપાસના કરી છે; આમાંથી નડિયાદ આશ્રમનો કુલ ૨,૦૧૭ વ્યકિતઓએ લાભ લીધો છે, સુરત આશ્રમનો પણ ૨,૦૦૦ જેટલી વ્યકિતઓએ લાભ લીધો છે જ્યારે કુંભકોણમ્ અને નરોડામાં અનુક્રમે ૧૦૦ અને ૪૦૦ જેટલી વ્યકિતઓએ ઉપાસના કરી છે. ઉપાસકોમાં દરેક કોમ અને ધર્મના ભાઇ-બહેનોનો સમાવેશ થયેલો છે.

મૌન ઉપાસનાનો સમય ઉપાસકની શકિત ઉપર આધારિત હોય છે. નડિયાદમાં હાલમાં એક બહેન ૨૮ દિવસની અને બીજાં એક બહેન ૪૨ દિવસની ઉપાસના કરી રહ્યાં છે. અત્યાર સુધીમાં લાંબો સમય ઉપાસનામાં ગાળ્યો હોવા તેવા પ્રસંગોમાં નડિયાદ આશ્રમમાં એક ભાઈએ ૯ મહિના, સુરતના આશ્રમમાં એક બહેને ૪ માસ અને સુરત અને કુંભકોણમના આશ્રમોમાં મળી એક ૨૩ વર્ષના કેનેડિયન ભાઈ શ્રી રોબિને સવા વર્ષની મૌન ઉપાસના કરી છે તેનો સવિશેષ ઉલ્લેખ કરી શકાય.

મૌન એકાંત મંદિરના ઉપાસકો ઘણું મોટું જીવનપાથેય લઇને બહાર નીકળતા હોય છે. તે દરેકના સ્વાનુભવની નોંધ વાંચવી રસમય જ નહીં જ્ઞાનપ્રદ પણ બની રહે છે.

'મૌન મંદિર એટલે ઍટમ યુગની પ્રયોગશાળા' એવું આધૂનિક યુગને અનુરૂપ વર્ણન પણ એક ઉપાસકે આ મૌન મંદિરો માટે કર્યું છે. 'મનાદિકરણની દરેક પ્રવૃત્તિઓ મોળી પડે અને સ્વભાવ પ્રકૃતિમાં ફેરફાર થવા જાય તે માટે આ મૌન એકાંત મંદિર નામસ્મરણ માટે ઉત્તમ સ્થાન ગણાય' એમ એક બીજા ઉપાસક જણાવે છે. વળી, એક ઉપાસક કહે છે કે, 'મારે માટે આ એક ઇસ્પિતાલ હતી. એમાં મારા રોગોને નિદાનાવા અને પ્રેમપૂર્વક સારવાર કરવામાં આવી.'

'–ખરૂં જાણવાનું તો મૌનમાં બેઠા પછી જ જાણ્યું અને સમજાયું' એમ એક બહેનના વિધાનને વધુ સ્પષ્ટતા કરતા હોય તેમ એક ભાઈ જણાવે છે કે, 'ઇશ્વરાભિમૂખ થવા મટેની આ સુંદર સુવિધા છે જે જિજ્ઞાસુ માટે આશીર્વાદરૂપ છે.'

એક સાહિત્ય ઉપાસક આ મૌન મંદિરની અસર વર્ણવતા લખે છે કે, 'કાલિદાસના શબ્દોમાં કહું તો शान्तमिदमाश्रमपदम् એવી મન ઉપર અસર થઇ.'

મૌન મંદિરના દરેક ઉપાસકનો એવો અભિપ્રાય રહ્યો છે કે તેમને ઉપાસનાના સમય દરમિયાન એક પ્રકારનો અનેરો આનંદ સાંપડયો છે અને જીવનનું સાચું દર્શન પ્રાપ્ત થયું છે. 'મૌન મંદિરની અંદર જે આનંદ અને પ્રેરણા તથા ઉત્સાહ જીવન અંગે મળે છે તે વર્ણવી શકાય તેમ નથી.' એમ જે એક ભાઇ જણાવે છે તેને એક બીજા ઉપાસક આ રીતે પુષ્ટી આપે છેઃ 'સાત દિવસો દરમિયાન ઘણો જ આનંદ મેળવી શકયો છું જે બાહ્ય જગતમાં શકય નથી.'

મૌન ઉપાસનાએ 'મારામાં રહેલી ચેતનાને જગાવી છે' એમ જે એક ઉપાસકભાઈ જણાવે તે યથાર્થ છે કારણ કે જીવનમાં ડૂબકી મારી નિજાનંદ તરવાની તાકાત આમાંથી જરૂર મળે છે. વળી, 'મનનો ગંદવાડ હરિસ્મરણથી બહાર ફેંકાય છે' એવો એકરાર કરી હરિ સાથે એકતાર સાધવાની ભૂમિકા બાંધી આપે છે.

'મન જીત્યું તેણે જગ જીત્યું' એવા સુવાકયનો ઉલ્લેખ કરીને એક ઉપાસકભાઇ આ મૌન-નામસ્મરણ અંગે જણાવે છે કે, મૌન અને નામસ્મરણના અભ્યાસથી મન સાને સંગ્રામ કરવાની તાકાત વધશે.'

ઉપાસનાની આધિભૌતિક કે એવી બધી ગૂઢ બાબતોમાં ના પડતાં એક પારસી ઉપાસકે ૧૪ દિવસના મૌન-એકાંતવાસ પછી જે સ્વાનુભવ રજુ કર્યા છે તે હરકોઈ માટે પ્રેરક થઇ પડે તેવો છે. તેઓ જણાવે છે કે, 'મૌનના દિવસો ગંભીરતા,

શાંતિ, અને આંતરિક આનંદમાં પસાર થયા... સરળ નિર્દોષ મન અને અંતરને ઠંડક આપતી શાંતિ બંને હું અનુભવતો હતો.' જીવનમાં આવી શાંતિ—મન અને અંતરને ઠારે તેવી, કેટલી દોહ્યલી છે? અને આવી નિર્લેપ આલ્હાદક શાંતિ જ્યાં હોય ત્યાં 'આ ભગવદ્ ભક્તિની પ્રાર્થનાથી અંતે તો પ્રસન્નતા અને આનંદ જ થાય છે' તેવું વિધાન હકીકત બની રહે છે.

ઉપાસનાની લગાતાર ધૂન જેણે માંડી હોય તે વિશ્વાસપૂર્વક કહી શકે કેઃ 'મારું મૌન અવધૂતાવસ્થામાં પસાર કર્યું છે. વળી, એક બહેન જ્યારે લખે છે કેઃ 'પ્રભુ! તારું જ આપેલું તને જ સમર્પણ કરું છું. ગોપીભાવ સાથે બહાર આવું છું.' તેને જીવનદર્શનનો સાક્ષાત્કાર જ કહીશું ને?

અને ઉપાસકોની આ મૌન—એકાંત ઉપાસના સમયે પૂ. શ્રી મોટા સૂક્ષ્મ રીતે તેમની સાથે જ હોય છે. 'અહીં પૂ. શ્રી મોટા હાજર હોવાને કારણે ઓરડામાં—કોટડીમાં પૂરવાની સજા થતી નથી પણ ખૂબ આનંદ આવે છે.' પૂ. શ્રી મોટા ઉપાસકોને સતત સૂક્ષ્મપણે પણ માર્ગદર્શન પૂરું પાડતાં હોય છે, હેત અને સ્નેહ ન્યોચ્છાવર કરતા હોય છે. આથી જ એક ઉપાસક બહેન બોલી ઉઠે છે કે, 'મોટા! મારી મા! એમ હું હૃદયથી વાંચ્છતી. કારણ કે આવો પ્રેમ મા અને પ્રભુ સિવાય કોઈ આપી શકે નહિ?' બીજા એક બહેન કહે છે કે, 'પૂ. શ્રી મોટાની હાજરી તો મને પળ પણ મૂકતી નથી.' જ્યારે બીજા એક ભાઈ લખે છે કે, 'પૂ શ્રી મોટાના સૂક્ષ્મ સાનિધ્યમાં મને અપાર આનંદ અને પ્રેમ મળ્યો.'

પૂ શ્રી મોટાએ માનવીના આધ્યાત્મિક વિકાસ માટે આયોજેલાં મૌનમંદિરો 'મૌન અને એકાંત દ્વારા સાધના કરવાની તક ઝંખતા સાધકોને (આવાં મૌન મંદિર) સત્ય તીર્થસ્થાન છે.' આથી જ એક ઉપાસક આ મૌન મંદિર માટે જણાવે છે કે, 'આધ્યાત્મિક પંથના વટેમાર્ગુને થોડું ભાથું મળી ગયું છે તે ખુટતાં વધુ પાથેય માટે અહીં આવી દ્વાર ખખડાવશે.'

---

# અનોખા રચનાત્મક કાર્યકર

આજે 'મોટા'ને નામે ગુજરાતમાં મશહુર થયેલા એક મહાત્મા મૂળ એક રચનાત્મક કાર્યકર હતા અને આજે પણ એમની અનોખી ઢબે રચનાત્મક કાર્ય કરી રહ્યા છે.

☆ ☆ ☆

તેઓ ભગવાધારી સંન્યાસી નથી, પણ સંન્યાસ કક્ષાએ પહોંચેલા એક કર્મયોગી છે. બાળકોમાં, જુવાનોમાં, બહેનોમાં અને ભાઈઓમાં સદ્ગુણો અને ભાવના ખીલે તો જ સમાજ ઊંચો આવે એવું તેઓ માને છે.

એમની સાધનાથી આકર્ષાઈને આજે અનેક કુટુંબ એમના તરફ વળ્યાં છે. એ બધાને તેઓ ઉચ્ચ ગુણો કેળવવાની તથા પ્રજાના ઉચ્ચ ગુણો ખીલે એ માટે આર્થિક સહાય કરવાની પ્રેરણા આપે છે.

☆ ☆ ☆

માનવ શરીર તથા મનની સુયોગ્ય રચના કરવી તથા સમાજમાં ખોરવાયેલી વ્યવસ્થાને ફરી સ્વસ્થ કરવી એ પણ એક રચના કાર્ય જ છે. આ રીતે મોટાની આધ્યાત્મિક સાધના તો બધાંને આકર્ષે છે જ પણ એમનાં સેવા કાર્ય પણ ઓછાં નથી આકર્ષતાં. હું તો એમ કહું કે આજની વણસેલી પરિસ્થિતિમાં આવું રચના કાર્ય વધુ કામિયાબ નીવડશે.

—શ્રી બબલભાઈ મહેતા

પૂ. શ્રી મોટાના

# હરિઃ ૐ આશ્રમો

પોતાની જાગેલી પ્રેમસ્વરૂપ જીવનચેતના દ્વારા બીજા જીવોમાં પણ એવી જ પ્રેમચેતના પ્રકટાવવાની અભિલાષાને મૂર્તસ્વરૂપ આપવા માટે દક્ષિણ હિંદમાં કુંભકોણમ્, નડિયાદ, સુરત તથા અમદાવાદ નજીક નરોડામાં હરિઃ ૐ આશ્રમો સ્થપાયા છે. ત્યાં આત્મકલ્યાણની શરૂઆત થવા માટે અથવા તેમાં પ્રગતિ થવા માટે સાધકને અનેક તક સાંપડે છે.

**મૌનમંદિર**

જિજ્ઞાસુએ ઘણા અગાઉથી નામ નોંધાવવું પડે છે, કેમ કે મોટા મહારાજના માર્ગદર્શન નીચે એમની આ અનેરી કાર્યશૈલીથી સાધના કરવા ઇચ્છનારાઓ ઠીક ઠીક સંખ્યામાં હોય છે. જ્યારે એ યાદીમાં જિજ્ઞાસુનો વારો આવે છે, ત્યારે એ સાધક ઓછામાં ઓછા ૭ દિવસ એક અંધારા ઓરડામાં તદ્દન એકાંતમાં ગાળવા માટે પ્રવેશ કરે છે. નક્કી કરેલા દિવસની અવધિ પૂરી થાય નહિ ત્યાં સુધી સાધક એ ઓરડામાંથી બિલકુલ બહાર આવતો નથી. સ્નાન, શૌચ વગેરે ક્રિયાઓ માટે એના ઓરડાની, એ એકલો જ ઉપયોગ કરી શકે એવી રીતે, ખાસ વ્યવસ્થા કરી છે, એટલે તે માટે પણ એ બહાર આવતો નથી. જમવાની થાળી વગેરે પણ આગળની ભીંતમાં આરપાર બાકોરું પાડી બંને બાજુએ બારણાં રાખી એવી રીતની યોજના કરી છે કે જેથી થાળી લેનાર ને આપનાર એકબીજાનાં મોં જોઇ શકે નહિ

આવી રીતે સાધક તેટલો સમય કેવળ એકાંતમાં અને બીજાં પરત્વે મૌનમાં ગાળે છે. સવારના ૪ વાગ્યાથી ઊઠીને રાતના ૮ સુધી એણે બસ એક જ કામ કરવાનું હોય છે—એના ઇષ્ટ નામનું મોટેથી રટણ. આમાં થોડાક સમયનો જ અપવાદ ભલે તે રાખે. બપોરે જમ્યા પછી જ્યારે એના પર તંદ્રા કે નિદ્રાનો હુમલો આવે, ત્યારે તેને નિવારી નાખવા માટે તે ભજનો ગાય કે પોતાને થએલા આધ્યાત્મિક અનુભવોની નોંધ લખે કે કોઈ આધ્યાત્મિક સાહિત્ય વાંચીને એ દોઢેક કલાકનો ગાળો પસાર કરી લે છે. અપેક્ષા તો એ છે કે લખતાંવાંચતાં પણ મોટેથી નામસ્મરણ ચાલુ રહે અને તેવી અપેક્ષા પ્રમાણે કેટલાંકનું નામસ્મરણ ચાલુ પણ રહે છે.

આવી રીતે માત્ર એકલા જપની પ્રવૃત્તિમાં સતત મંડ્યા રહેવું અને એકસામટા ૭ કે વધુ દિવસ સુધી અંધારા ઓરડામાં તદ્દન એકલા પુરાઇ રહીને તેમ કરવું એ કંઇ નાનીસૂની વાત નથી. ૭-૧૪-૨૧-૨૮-૩૫-૪૨-૪૯ થી માંડીને ૧૮૦ દિન સુધી એમ, સાધકો એવા લાંબા ગાળા માટે પણ બેસતા હોય છે. પરંતુ પૂ, મોટાની સૂક્ષ્મ અને પ્રબળ ચેતનાશકિત સાધકનુ રક્ષણ કરે છે તથા તેણે સ્વેચ્છાએ અંદરેલા આ અગ્નિસ્નાનમાંથી તે ક્ષેમકુશળ બહાર નીકળે છે. મોટાની ચેતનાશક્તિ જો આવી રીતે સાધકને ટકાવી ન રાખતી હોત તો માનવી આમ એકાંતમાં ઘણા દિવસ પુરાઈ રહેતાં ગાંડો પણ થઈ જાય જેલમાં કપરામાં કપરી સજા વધુમાં વધુ ૩ દિનની એકાંત કોટડીની છે એ હકીકતનો નિર્દેશ અહિં કરવો યથાસ્થાને લાગે છે.

આવી સાધનામાં માનવીને પોતાનું મૂલ્યાંકન સાચી રીતે કરતાં આવડે છે. તેના અર્ધજાગૃત અને અજાગૃત માનસમાં ઊંડા ઊંડા પડી રહેલા સામસામી દિશાના પ્રવાહોની અને તેની પ્રકૃતિ તથા સ્વભાવની જીવનમાં પહેલીવાર કંઇક સ્પષ્ટ ઝાંખી તેને થાય છે. અત્યાર સુધી સૂઈ ને પડી રહેલાં એના સત્ત્વમાંનાં આસુરી તત્ત્વો ઉપર તરી આવે છે અને એનાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્‌નાં અંતરનાં કરણોમાં ભારે ઊથલપાથલ મચાવે છે—જેમ યમુનાના ધરામાં સૂઇ રહેલા કાલિનાગને શ્રી બાળકૃષ્ણે જગાડયો હતો તેમ. પણ આમાં નોંધપાત્ર ને ખાસ ધ્યાન ખેંચે એવી હકીકત તો એ છે કે આવી અંતરમાં થતી ભારે ગડમથલ દરમ્યાન પણ એનો મોટેથી થતો જપ ચાલુ રહે છે. તેમાં તો નથી ભગ પડતો પેલા અંતરમાંનાં ધમસાણનાં રોકાણથી કે નથી પડતો

સતત મોટેથી ૧૫–૧૬ કલાક રોજ દિવસોના દિવસ સુધી બોલ્યા કરવામાં થતા શારીરિક શ્રમથી. એનાં ઘાંટો, છાતી, માથું—ટૂંકમાં ઉચ્ચારણ થવામાં જેજે અંગોને ઘસારો થાયતે બધામાંથી કોઇને પણ એવો શ્રમ નથી પડતો કે મોટેથી થતો જપ અટકી પડે; એ તો આપમેળે ચાલુ રહે છે.

## જપયજ્ઞનું પરિણામ

આવો લાંબા કાળનો ને આટલા એકાગ્રપણે થયેલો જપયજ્ઞ સાધકના સત્ત્વ-જીવકોષ-'આધાર' ઉપર એવા ઊંડા, સજ્જડ સંસ્કાર પાડે છે કે જાણે શિલાલેખ. એટલે તે લાંબા કાળને પરિણામે પણ ભુંસાતા નથી. તેથી જ્યારે એનો કાળ પાકે છે, ત્યારે એ સંસ્કારો ઉદયવર્તમાન થઇ સાધકને સહાય-રૂપ થઇ એને અનિવાર્યપણે આધ્યાત્મિક પંથે આગળ લઈ જાય છે; તેમ જ તેની ગતિમાં ઘણો વેગ આપે છે. આમ પ્રભુમય જીવન જન્માવવાને તથા વિકસાવવાને માટેની આ સાધનાશૈલી, પદ્ધતિની દષ્ટિએ તેમજ પરિણામની સફળતા તથા તત્કાળતાની દષ્ટિએ મૌલિક ને અનેરી છે.

અદ્‌ભુત આધ્યાત્મિક અનુભવો જેવાં કે દિવ્ય દર્શનો ( visions ), દિવ્ય ધ્વનિનું શ્રવણ, પ્રકાશનાં દર્શન, ભવિષ્યમાં બનવાના પ્રસંગોની આગાહીનાં ચિત્રો, આશ્રમના અધિષ્ઠાતા શરીરે હાજર ન હોવા છતાં તેમની સૂક્ષ્મ પ્રત્યક્ષ હાજરીના અનુભવો વગેરે જુદી જુદી જાતના અનુભવ આ મૌનએકાંત જપયજ્ઞમાં બેસનારમાંથી કેટલાક જીવોને થાય છે. આવા અનુભવો ઉપરાંત પણ ગમે તેવા આધિદૈવિક, આધ્યાત્મિક અનુભવો થાય તેનું સંસ્કાર પડવાની દષ્ટિએ મૂલ્યાંકન ખરૂં પણ સૌથી ઉત્તમમાં ઉત્તમ તો એ જ કે એથી કરીને આપણા રાગ, દ્વેષ, કામ, ક્રોધ, મદ, મોહ, લોભ, મત્સર તથા અહંકાર આદિ મોળાં પડે તે જ જીવન વિકાસનું ઉત્તમ માપ; અને શ્રેયાર્થીએ એને જ વિશેષ મહત્ત્વ આપ્યા કરવું.

કેટલાકને વળી તેમના ભૂતકાળના પ્રસંગો, વિચારો, લાગણીના આઘાતો મૂર્તસ્વરૂપ લઈને સીનેમાની રીલ આપણે જોતા હોઇએ તેમ તેમની આગળ પ્રત્યક્ષ થાય છે. આ દશ્યો પણ એટલાં બધાં તાદશ્યપણે સ્પષ્ટ ને જીવંત દેખાય છે કે મૌન લેનાર જીવ એ બધું જોઈને સ્તબ્ધ થઇ જાય છે; એનામાં પશ્ચાતાપનું પુનિત ઝરણું પ્રગટે છે અને ફરીથી એવું વર્તન ન કરવાની તથા જીવનનાવના વહેણની દિશા જ બદલી નાખવાની પ્રેરણા એકાંત અને મૌનમાં થયેલાં દિવ્ય દર્શન દ્વારા સાધક મેળવે છે.

## અન્ય સૂચનાઓ

આશ્રમની પ્રવૃત્તિ વિષે કંઇક વિશેષ પ્રકાશ પડે તે માટે આશ્રમવાસીઓને કરેલી સૂચનાઓ નીચે આપી છે :—

૧. આ સ્થળની હયાતિ જીવનવિકાસના હેતુ કાજે જ એટલે કે શ્રીભગવાનના અનુભવ તથા ભગવાનમય જીવન કાજે જ છે. જે જીવને જીવન વિષે મનન, ચિંતન ને નિદિધ્યાસન કરવાનું અને તે જીવનમાં પ્રત્યક્ષ આકાર લે તેવા મંથનમાં રહેવાનું દિલ હોય, પોતાના જીવન વિષે ઊંડું પૃથક્કરણ કરીને પોતાને ખોજવાની જેને તમન્ના હોય તેને માટે આ સ્થળ છે. ખાલી ખાલી પડી રહેવા કાજે નથી. મકાન હવડ રહેશે તેનો કશો જ વાંધો નથી, પણ જીવો જો અહીં હવડ પડી રહે તો તેનો વાંધો ઘણો ઘણો છે.

૨. સર્વ ધર્મ અને સર્વ જાતિના નરનારી અત્રે પ્રભુ–ભજન માટે બેસી શકે છે અને પોતાનું ઈષ્ટ સાધન કરી શકે છે. જે કોઇ મૌન લેવા ઇચ્છતું હોય તેણે અગાઉથી પોતાનું નામ નોંધાવવું અને તેનો વારો આવવાનો હોય ત્યારે તેને જણાવી શકાય તે માટે પોતાનું સરનામું જણાવી મૂકવું. આ જપ-યજ્ઞ હોવાથી યજ્ઞમાં બેસનાર વ્યકિતએ પોતાનું ખર્ચ પોતે જ વહોરી લેવાનું છે.

૩. સાત દિવસના રૂપિયા ૧૮ થી ૨૧ લેવામાં આવે છે, જેમાં બે ટંકનું ભોજન, બે વખત ચાહ, કોફી કે ઉકાળો, રોજનાં ૮ થી ૧૦ કપડાંની ધોલાઈનો ખર્ચ, મૌનરૂમની વીજળીની બત્તીનો ખર્ચ, આશ્રમ સફાઇ તથા મૌન ઉપાસકની અંગત સેવા ને વ્યવસ્થાનો ખર્ચ- આ બધાનો સમાવેશ થાય છે.

ઉપરાંત જેની ઇચ્છા આશ્રમને અને આશ્રમના સંચાલન અર્થે થતા બીજા આવશ્યક ખર્ચાઓ માટે તથા આશ્રમ દ્વારા થતી રહેતી જનઉપયોગી કલ્યાણપ્રદ પ્રવૃત્તિઓ માટે જે કંઇ ભેટ આપવાની ઇચ્છા હોય તે સાભાર સ્વીકારવામાં આવે છે.

૪. મૌન એકાંત ન લેવું હોય તેવા જીવો પણ એકાદ દિવસ બહાર, પણ અગાઉથી રજા મેળવીને, અહીં રહી શકે છે. પણ પોતાનો સમય ધાર્મિક આધ્યાત્મિક વાંચનમાં પોતપોતાની પ્રાર્થના, ધ્યાન, આદિમાં ગાળવાનું તેઓ કરે. મુખ્ય શરત એ છે કે જેમને જીવન અંગે વિચારવાનું દિલ હોય તેમને કાજે આ સ્થળ છે, ખાલી માત્ર રહેવા કાજે નથી અહીં નવલકથાઓ કે તેવું સાહિત્ય વાંચવાનું ન હોય. છાપાં પણ માત્ર ઉપર ઉપરથી જોવાનાં હોય તો હોય.

૫. અહીં કોઇ જીવ સંસાર ભોગવી નહિ શકે. અહીં કોઇ પણ સંસારી પ્રકારના સગપણનો સંબંધ નથી. અહીં કોઈ પતિ કે પત્ની નથી, કોઈ સાસુ નથી કે વહુ નથી. કોઇ કોઇની આશા અપેક્ષા ન રાખે.

૬. જે કોઇ રહે તેણે રાત્રે ૯ વાગ્યા પહેલાં સૂઇ જવું ને સવારે મોડામાં મોડું ૪ વાગે ઉઠવાનું કરવું. જમવાનું સવારે ૧૦ વાગે ને સાંજે પાંચ વાગે. ચાહ કોફી સવારે ૪॥ વાગે, બપોરે દોઢ વાગે.


૭. મૌન–એકાંત સમયની શરૂઆતની ને અંતની પ્રાર્થના સિવાયનો અહીં આ સ્થળનો કશો જ સામુદાયિક કાર્યક્રમ નથી. પોતે પોતાની મેળે પોતાની ભાવના પ્રમાણે કાર્યક્રમ ગોઠવે.

૮. અહીં આવનારે અગાઉથી ખબર આપીને સંમતિ મેળવવી.

**નોંધ :**-આ આશ્રમને અપાતાં દાનની રકમોને ઇન્કમ-ટેક્સમાંથી કરમુક્તિ મળે છે ને પ્રમાણપત્ર આશ્રમની પહોંચો ઉપર છાપેલું છે.


તમારી શરદી માટે જરૂરી છે
રબેક્સ
શરદી પર જલદ અસર કરનાર છતાં સૌમ્ય ઇલાજ


એલેમ્બિકના હોમ્પ્રો વિભાગનું ઉત્પાદન
everest/346/ACW gj



NAVNIT-3


# WE HELP FARMERS WHO FEED THE NATION...

We, at G.A.I.C., help all those who are engaged in agriculture by providing implements and farm machinery for better agriculture and by promoting agro-industries, which in turn help the fields flourish. We help farmers who feed the nation.

GAIC

**GUJARAT AGRO-INDUSTRIES CORPORATION LTD.**

"KHET-UDYOG BHAVAN"

OPP: HIGH COURT. NAVRANGPURA, AHMEDABAD-14.

# TO STAY HEALTHY YOU NEED ESSENTIAL VITAMINS AND MINERALS EVERY DAY OR...



## JUST ONE

# VIMGRAN®

**WITH 11 ESSENTIAL VITAMINS AND 8 ESSENTIAL MINERALS**

**JUST ONE VIMGRAN BUILDS YOU UP FOR THE DAY ! BUY VIMGRAN TODAY !**

SQUIBB SARABHAI CHEMICALS

® Registered Trademark

Shilpi SC 53A/67

# ગુજરાત રાજ્યની પ્રગતિ સાથે એસ. ટી. પણ કદમ મિલાવે છે

| | | ૧૯૬૦-૬૧ | ૧૯૬૮-૬૯ |
|---|---|---|---|
| ૧ | બસની સંખ્યા | ૧૮૯૧ | ૩૭૧૬ |
| ૨ | વર્ષમાં એસ.ટી. બસદ્વારા મુસાફરી કરનારાઓની સંખ્યા (લાખમાં) | ૧૪૬૩.૯૦ | ૩૯૯૧.૩૦ |
| ૩ | બસ સ્ટેશનો | ૯૧ | ૧૪૨ |
| ૪ | રસ્તા ઉપરનાં વગેરે પીકઅપ સ્ટેન્ડ, શેડ | ૨૯૦ | ૫૭૬ |
| ૫ | બસ અકસ્માતનું પ્રમાણ દર લાખ કીલોમીટર દીઠ | ૦.૯૮ | ૦.૫૩ |
| ૬ | બસોનું રસ્તામાં ખોટવાઈ જવાનું પ્રમાણ દર ૧૦,૦૦૦ કી.મી.દીઠ | ૧.૩૭ | ૦.૪૧ |
| ૭ | બસ સર્વિસની નિયમીતતાની ટકાવારી—આવવામાં | ૮૪.૯૧ | ૯૫.૫૮ |
| | —ઉપડવામાં | ૮૩.૧૩ | ૯૫.૪૭ |
| ૮ | ઉતારૂવેરો બાદ કર્યા પછી એસ. ટી. ને મળતો ભાડાનો ચોખ્ખો દર કીલોમીટર દીઠ (પૈસામાં) | ૨.૮૦ | ૩૦.૩૩ (૨૪ કી.મી. સુધીની મુસાફરી માટે |
| | | — | ૨.૬૬ (૨૪ કી.મી. ઉપરની મુસાફરી માટે) |
| | | તા. ૩૧-૩-૬૬ ના દિને | તા. ૩૧-૩-૬૯ ના દિને |
| ૯ | સીધી તેમજ ૩ કી.મી.ના અંતરમાં એસ.ટી. બસ મેળવતા ગામો | ૧૩૭૮૩ ૭૩.૪૪ ટકા | ૧૫૦૪૩ ૮૦.૧૬ ટકા |
| ૧૦ | ઉપરોક્ત ગામોની વસ્તી (લાખમાં) | ૧૮૨.૭૭ ૮૮.૫૮ ટકા | ૧૯૦.૪૬ ૯૨.૩૧ ટકા |

આક્રમણ, રેલ, હોનારત, કે તોફાન—દેશની અને રાજ્યની કટોકટીની પળોમાં અને તે ઉપરાંત દૂરદૂરનાં ગામડાંની પ્રજાના રોજબરોજના સામાજિક, વ્યવહારિક અને અન્ય પ્રસંગો માટે એસ.ટી. હંમેશા તૈયાર રહી છે અને રહેશે.

**ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન**
**અમદાવાદ—૨૨**

BD બરોડા ડેરી

વડોદરા શહેરમાં ૧૪૯ દૂધ વિતરણ કેન્દ્રો મારફતે જનતાને શુદ્ધ દૂધ પુરૂ પાડે છે.

દૂધ તથા દૂધની બનાવટો, જેવી કે દહીં, એગમાર્ક ઘી વગેરે જનતાને તેમની જરૂરિયાત પ્રમાણે આખો દિવસ મળતું રહે તે માટે નીચેના સ્થળોએ ખાસ ગોઠવણ કરી છે.

- **મિલ્કબાર :–** કોઠી બસ સ્ટેન્ડ પાસે,
- **સરદારભવન ડેપો :–** જ્યુબીલી બાગ પાસે
- **ડેરી ગેટ :–** બરોડા ડેરી

આ સિવાય શહેરમાં અન્ય માન્ય વિક્રેતાઓ મારફતે ડેરીના એગમાર્ક ઘીનું વેચાણ થાય છે.

- જિલ્લાભરની ૩૮૫ ગ્રામ દૂધ સહકારી મંડળીઓ મારફતે પોતાનો દૂધનો પુરવઠો ભેગો કરે છે, અને એ રીતે દૂધ ઉત્પાદકોને પુરક વ્યવસાય વિકસાવવામાં પુર્ણ રીતે મદદ રૂપ થાય છે.
- દૂધ ઉત્પાદકો અને ગ્રાહકોના સાથ અને સહકારથી આ સંઘની પ્રવૃત્તિઓ સતત વિકસી રહી છે.

**વડોદરા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. વડોદરા**

**બરોડા ડેરી, વડોદરા–૯**



## जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी....................

"Mother, the Mother Land is greater than heaven".........

So tribute to our Mother Land and glory to her............
Land is what we live on....nay our life is our land........
And so our devotion and services to our Mother Land......
For it is the richness of our land, that will enrich us........
So we dedicate ourselves and offer our services to enrich our land, our farmers, and all of us.

G • GUJARAT STATE FERTILIZERS COMPANY LIMITED


## GUJARAT STATE FERTILIZERS COMPANY LIMITED

FERTILIZER NAGAR, BARODA.

GSFC BASIC TO INDIA'S PROGRESS.


# એકજ

## ઉપાય



ખોરાક મર્યાદિત છે. ખાનારાં સામટા છે. છે તેટલો ખોરાક કોને કોને સંતોષી શકશે ? થોડાક ખોરાકની ઝુંટાઝુંટ ચાલશે. એવું જ કપડાની બાબતમાં; એવુંજ વસવાટની બાબતમાં; એવુંજ શિક્ષણનાં સાધનોની બાબતમાં. આમાંથી ઉગરવાનો એક ઉપાય છે. કુટુંબ નિયોજન

કુટુંબ નિયોજન કેન્દ્રમાં મળો.



રાજ્ય કુટુંબ નિયોજન બ્યૂરો, અમદાવાદ

અમદાવાદનું
અનોખું છબીઘર

# કૃષ્ણ

( એર કુલ્ડ )
રિલિફ રોડ,
અમદાવાદ

જ્યાં સદાયે ઉત્તમ મનોરંજનની
પ્રતીતિ થાય છે

અત્યારે દર્શાવાય છે
આર. આર. પીક્ચર્સ કૃત
ઇસ્ટમેનકલર
ચિત્ર

# જવાબ

☆ જીતેન્દ્ર
☆ લીના
☆ અશોકકુમાર
☆ મીનાકુમારી

Smiles from reason flow,
to brute denied, and
are of love the food.
—MILTON

**Kamani Tubes Pr. Ltd.,**

**Kamani Metallic Oxides Pr. Ltd.,**

Kamani Chambers,
Nicol Road,
Ballard Estate,
BOMBAY 1.

# ધી અમદાવાદ પીપલ્સ કો–ઓ. બેંક લિ. ભદ્ર, અમદાવાદ.

**સ્થાપના : ૧૯૩૨**

મુખ્ય કચેરી : **પીપલ્સ બેંક બીલ્ડીંગ, ભદ્ર, અમદાવાદ**

ચેરમેન : **શ્રી પાન્ડુરાવ ભાઇલાલ દેસાઇ**

(૧) બેંક છેલ્લા ૩૮ વર્ષથી બેંકીંગનું તમામ પ્રકારનું કામકાજ કરે છે.

(૨) બેંકની કુલ ૬ શાખાઓ છે. હેડ ઓફીસ તથા બધી શાખાઓમાં સેફ ડીપોઝીટ વોલ્ટની વ્યવસ્થા છે.

(૩) જે કોઇ રીટાયર્ડ થએલી વ્યકિત તેમની પ્રોવીડન્ટ ફંડની, ગ્રેજ્યુઇટીની તેમજ પેન્શનની રકમ પાંચ વર્ષની અગર હયાતી માટે બાંધી મુદત માટે મૂકશે તો તેઓ દરેક મહિને વ્યાજ મેળવી શકે છે.

(૪) બેંક બાંધી મુદતની થાપણ પર વધુમાં વધુ ૭% ટકાનો વ્યાજનો દર આપે છે.

(૫) બેંક પોતાના સભાસદોને પંખા, કુકર, સીવવાના સંચા, રેફ્રીજરેટર વિગેરે ખરીદવા સરળ હપ્તેથી લોન આપે છે.

**હિં. સાં. શાહ**
મેનેજર

**હરિપ્રસાદ બુલાખીદાસ દેસાઇ**
મેનેજીંગ ડિરેકટર



# ધી અમદાવાદ જીલ્લા કો–ઓ. પરચેઝ એન્ડ સેઈલ યુનિયન લિ.

**ઠે. દશાનાગરની વાડી, ખમાસા ગેટ પાસે, અમદાવાદ**

**ટે. નં. ૫૧૫૮૫**

ચેરમેન : **શ્રી પરસોતમદાસ છોટાલાલ પટેલ**

**તા. ૩૦–૬–૭૦ના રોજ શેર કેપીટલ—રૂા. ૧,૦૨,૪૨૨=૦૦**

**" ફંડઝ —રૂા. ૭,૬૨,૮૯૭=૦૦**

સહકારી ક્ષેત્રે સરકારશ્રી સાથે સંપૂર્ણ સહકારથી જીવનની જરૂરીઆતોની વહેંચણીના કામમાં સંપૂર્ણ સફળતા પ્રાપ્ત કરેલી છે.

ખેતીવિષયક કામો જેવાં કે રસાયણિક ખાતરો, બિયારણ તથા જંતુનાશક દવાઓ વગેરેની વહેંચણીકામથી દેશના હિતમાં સંપૂર્ણરીતે કામ કરી રહેલ છે.

જીવન જરૂરીઆત માટે રોજીંદા વપરાશ સારૂ ભાલના દેશી દાઉદખાની ઘઉં, જીરાસાર ચોખા, વાસદની તુવેર દાળની આપની જરૂરીઆત સારૂ સંઘની દુકાને ઉપરના સરનામે મુલાકાત લઇ આભારી કરશો.

*With Best Compliments*
*From*

**DEEPAK ADS Pvt. Ltd.**

Gujarat Samachar Bhavan, Khanpur,

AHMEDABAD

**હજારો શાણા લોકો**
**લાખ્ખો રૂપિયા સંતોષમાં**
**રોકે છે**

**સંતોષ બેનીફીટ પ્રા. લી.**

ભદ્ર, પી. આર. એન્ડ સન્સ,

અમદાવાદ